જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૯/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૭૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી ૧૩૨ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૨૯૦ બીયર ટીન અને ૦૩ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૭૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૭૮/૧૬

દાણીલીમડા : બાબુભાઇ હરજીભાઇ દીવેટીયા (ઉ.વ.૩૪)(રહે. ભીલવાસ, પરીક્ષીતલાલનગર, બહેરામપુરા) એ તા.૨૭/૯/૧૬ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૯/૧૬ સવારનાં ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર ધવલ (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.કે.રાણા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૭૭૯/૧૬

સોલા હાઇકોર્ટ : મનોજકુમાર જ્યંતીભાઇ પંડ્યા (રહે, સ્થાપત્ય એપાર્ટમેંટ, શુકન બંગ્લોઝ પાછળ, સાયન્સ સીટી રોડ સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૯/૧૬ સાંજના ૫/૦૦ થી તા.૨૭/૯/૧૬ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ખોખરા : મેઘાબહેન તે મેહુલભાઇ ગોડવીનભાઇ ગામડીયાની વિધવા પત્ની (રહે,રીપબ્લીક ક્રીશ્ચન સોસાયટી, જુના ચર્ચની સામે, મણીનગર પુર્વ) એ તા.૨૭/૯/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૩/૧૬ બપોરના ૩/૦૦ થી તા.૧૮/૩/૧૬ નાં કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, લેપટોપ, ડી.વી.આર., સેટટોપ બોક્સ મળી કુલ રૂપિયા ૩૫,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.જે.વાળા ચલાવે છે.

<u>ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૮૦/૧૬</u>

સરખેજ : આદર્શભાઇ શ્યામબાબુ મહેરા (રહે, પામગ્રીન એપાર્ટમેન્ટ, મકરબા, સરખેજ) એ તા.૨૭/૯/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૯/૧૬ થી તા.૨૫/૯/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન પામ ગ્રીન ફ્લેટની સામે આવેલ ખુલ્લી જગ્યામાંથી ભારતીય એરટેલ કંપનીના એસ.ડી.પી. પાઇપના બંડલો નંગ-૧૮ કુલ કિંમત રૂપિયા ૩,૫૩,૫૨૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.ભટ્ટ ચલાવે છે.

સરદારનગરઃ કમલભાઇ ઘનશ્યામદાસ વીરજાણી (રહે,રોયલ બંગ્લોઝ, જુના “જી” વોર્ડ, એમ.જી.સ્કૂલ પાસે, કુબેરનગર, સરદારનગર) એ તા.૨૭/૯/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૯/૧૬ ના કલાક ૪/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન કુબેરનગર રાજાવીર સર્કલ પાસે આવેલ માર્કેટમાં આવેલ રીધ્ધી હોઝયરી જોબકામ નામની કમલભાઇની ખુલ્લી દુકાનમાંથી હોઝીયરી મશીન નંગ-૦૪ કુલ કિંમત રૂપિયા ૮૪,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

ઉપરોકત ગુનાનાં કામે સરદારનગર પોલીસે આરોપી ભાવેશભાઇ રમેશલાલ થાવાણી (રહે.શીવસાગર, કુબેરનગર) નાને તા.૨૭/૯/૧૬ નાં કલાક ૧૦/૦૦ વાગે પકડી અટક કરેલ છે.

<u>દાઝી જતાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૮૧/૧૬</u>

ગાયકવાડ હવેલી : અલ્લારખીબહેન અનવરહુસેન શેખ (ઉ.વ.૪૫) (રહે.ભઠીયારવાડ, જમાલપુર) તા.૧૭/૦૭/૧૬ નાં કલાક ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે રસોઈ બનાવતા હતા દરમ્યાન પ્રાઈમસની જાળ પહેરેલ કપડામાં લાગી જતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, પ્રથમ પથ્થર કુવા ખાતે હલીમાં અપ્પાને ત્યાં મલમ પટ્ટીની સારવાર કરાવેલ અને અલ્લારખીબહેનને વધારે તકલીફ થતાં તા.૦૪/૦૮/૧૬ નારોજ વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા બાદ તા.૧૯/૦૯/૧૬ નારોજ શારદાબેન હોસ્પીટલમાં સારવાર અર્થે લાવતાં, સારવાર દરમ્યાન તા.૨૭/૦૯/૧૬ રાતનાં ૨/૩૦ વાગે અલ્લારખીબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરીટકુમાર ધુળાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)